
# પાલનપુરના સિલ્વર આર્કેડ પાછળ જુગાર રમતા પાંચ નબીરા ઝડપાયા



પાલનપુર, તા. ૮ પાલનપુર શહેરમાં પોલીસની રહેમનજર તળે ઠેરઠેર દારૂ જુગારના અડ્ડાઓ ધમધમી રહયા હોવાની સાથે અસામાજીક તત્વોએ માથું ઉંચકયુ છે. શહેરના રહેણાંક વિસ્તારો સહીત ભરબજારમાં પણ ખુલ્લેઆમ જુગાર રમાતો હોવાની પ્રતીતી કરાવતા બનાવમાં ગતરોજ એલ.સી.બી પોલીસે પાલનપુર શહેરના જુના ટેલીફોન એક્ષચેન્જ પાસે આવેલા સિલ્વર આર્કેડની પાછળના રહેણાંક વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા કહેવાતા પાંચ નબીરાઓને ઝડપી લીધા હતા. પોલીસે રૂ.૩૯,૧૦૦ની રોકડ રકમ સહીત કુલ રૂ.૮૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર એલ.સી.બી પોલીસે મળેલી બાતમીને આધારે સિલ્વર આર્કેડના પાછળના ભાગમાં આવેલા રહેણાંક વિસ્તારમાં ઓસરીના ભાગમાં ખુલ્લેઆમ જુગાર રમતા જુગારીયાઓ પર રેડ કરી હતી. જેમાં પોલીસે જુગારીયાઓ પાસેથી રૂ.૩૯,૧૦૦ની રોકડ રકમ, રૂ.૯,૦૦૦ની કિંમતના બે મોબાઈલ અને રૂ.૪૦,૦૦૦ની કિંમતના બાઈક (જી.જે.૮ કયુ.-૬૮૨૧) સાથે કુલ રૂ.૮૮,૧૦૦નો મુદ્દામાલ પણ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, ઈજ્જતની પરવા કર્યા વિના જુગાર રમવા બેસી જુગાર રમતા રંગે હાથ ઝડપાયેલા નબીરાઓની ઈજ્જત બચાવવા તેઓના સ્નહીજનો પોલીસના હાથે પાંચ નબીરાઓ જુગાર રમતા રંગે હાથ ઝડપાયા હતા. એલ.સી.બી પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા.

## પાંચ નબીરાઓ જુગટુ રમતા ઝડપાયા

(૧) પ્રકાશભાઈ નાનજીભાઈ રાઠોડ રહે.કંથેરીયા હનુમાન મંદિર સામે, પાણીના ટાંકાની નીચે,પાલનપુર (૨) ધીરજભાઈ બાબુલાલ મોદી રહે.ફાંસીયા ટેકરા ચોકમાં, પાલનપુર (૩) મુકેશભાઈ રમેશભાઈ માળી રહે. ટેલીફોન એક્ષચેન્જ પાછળ, પાલનપુર (૪) હીતેશ ઉર્ફે ગોલ્ડન વીરાભાઈ પ્રજાપતિ રહે.દીલ્હીગેટ, માનસરોવર રોડ, પાલનપુર (૫) જયકીશન રૂપરાજભાઈ ગુરબાણી(સીન્ધી) રહે. શકિતનગર ભાગ-૨, પાલનપુર

## નાની બજારમાંથી ૯ શકુનિઓ ઝડપાયા

પાલનપુર શહેરના નાની બજાર વિસ્તારમાં વર્ષોથી ધમધમતા જુગારધામ પર પાલનપુર પુર્વ પોલીસે ગતરોજ બાતમીના આધારે રેડ કરી હતી. શહેરના નાનીબજારમાં પોષ્ટઓફીસની ગલીમાં ચાલતા જુગારધામ પર પોલીસે રેડ કરી હતી. જેમાં નવ જુગારીયાઓને રૂ.૧૨,૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જેલના હવાલે કર્યા હતા. પોલીસે (૧) હુસેનખાન ઉર્ફે કાળુ (૨) ગુલામ હુસેન ભટ્ટી (૩) અકબરભાઈ હુસેનભાઈ (૪) ઈકારભાઈ ખોડાભાઈ (૫) જેઠાભાઈ ચેલાભાઈ પુરબીયા (૬) રાજુભાઈ શાંતિભાઈ વાણીયા (૭) રમેશભાઈ લખમણભાઈ કુંવારવા (૮) ગોદડભાઈ ધર્માભાઈ સોલંકી અને (૯) ઐયુબભાઈ ઈસ્માઈલભાઈ ડાભી તમામ રહે. પાલનપુરવાળાઓને જુગાર સાહીત્ય સહીત કુલ રૂ.૧૨,૧૯૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રેલ્લાવાડા પ્રા. આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરની જગ્યા ખાલી : જનતાને સારવાર માટે ભટકવુ પડે છે

મોડાસા, તા. ૮ રાજ્ય સરકારની વિકાસની વાતોમાં ગ્રામ્ય વિસ્તારની જનતાની હાલાકી કોઈ સાંભળતુ જ નથી. અનેકવારની જનતાની રજૂઆતો બાદ પરિણામ શૂન્ય આવે ત્યારે એમ લાગે કે અમે આપેલા મતનો અમને શું ફાયદો ?

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા જેવા શિક્ષિત અને રાજકીય ગામમાં પ્રા.આ. કેન્દ્ર કોમ્યુનિટી હોલમાં ચાલે છે. નવું આરોગ્ય કેન્દ્ર જલારામ મંદિરની સામે ટુંક સમયમાં જ ઉદ્ઘાટન થનાર છે. આ આરોગ્ય કેન્દ્રમાં મૌલિકભાઈની સેવા સવારે ૯ થી ૫.૩૦ સુધી સતત મળતી હતી પરંતુ તેમને ટીંટોઈ ખાતે ડેપ્યુટેશનમાં મુકતા ઈસરી પીએસસીના ડૉ. ભટ્ટને ચાર્જ સોંપવામાં આવેલો પરંતુ તેમનો કરાર પુરો થતાં તેમણે ૩૧-૧૨-થી જગ્યા છોડી દીધેલ છે હવે માત્ર રેલ્લાવાડા પ્રા.આ. કેન્દ્રમાં સ્વીપર અને કોમ્પ્યુટર વાળા બે હાજર હોય છે.

આજુબાજુના ૧૫ ગામની જનતા મફત સારવાર માટે રેલ્લાવાડા આવે છે પરંતુ ડૉક્ટર ન હોવાથી હાજર સ્ટાફ જવાબ આપીને થાકી ગયા છે. સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષભાઈ ફેન્સીને વારંવાર જણાવવા છતાં રેલ્લાવાડામાં મૌલિકભાઈને પરત મુકાતા નથી. લોકોને સારવાર મળતી નથી જેથી જિલ્લા સદસ્ય બલવંતસિંહ રાઠોડ અને પત્રકાર છગનભાઈ પંચાલે રાજ્યના આરોગ્યમંત્રીને જણાવી તાત્કાલિક મૌલિકભાઈને બેક ટુ પેવેલીયન મુકવા માગણી કરી છે. નવુ પ્રા. આ. કેન્દ્ર વ્યવસ્થિત ચલાવી નિભાવી શકે તેવા મૌલિકભાઈની ખાસ જરૂર હોવાથી તાત્કાલિક પગલાં ભરાય તેવી જનતાની માંગણી છે.



## પ્રાંતિજમાં ખોદકામ દરમિયાન ભગવાનની મૂર્તિઓ મળી

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશન પાસે સ્થિત પૌરાણિક મંદિરના જીર્ણોધ્ધાર માટેના ખોદકામ વખતે પાંચ ફૂટ નીચેથી બે મૂર્તિઓ મળી આવી હતી. આ પૌરાણિક મંદિરના ખોદકામ દરમિયાન મહાકાલી માતા અને ગણપતિ દાદાની ખંડિત થયેલ મૂર્તિઓ નીકળી હતી આ ખબર શહેરમાં ફેલાતા લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા અને મૂર્તિઓને બહાર કાઢી પવિત્ર પાણીથી સફાઈ કરવામાં આવી હતી. બાદમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શન કરવા ઉમટી આવ્યા હતા.

# ભાઈકાકા વિનાનું ચરોતર હિમોગ્લોબિન વિનાના લોહી સમાન : એન.એચ.બારોટ

### ચારુતર વિદ્યામંડળ દ્વારા ૪૨મું ભાઈકાકા વ્યાખ્યાન યોજાયું

વલ્લભ વિદ્યાનગર, તા. ૮ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના આદ્યસ્થાપક બેલડી પૈકીના એક એવા પૂજ્ય ભાઈકાકાના યોગદાનને બિરદાવતાં ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ૪૨મા પુષ્પના વક્તા શ્રી એન. એચ. બારોટે જણાવ્યું હતું કે ભાઈકાકા વિનાનું ચરોતર એટલે હિમોગ્લોબિન વિનાનું લોહી ગણી શકાય. ૮૭ વર્ષના ઈજનેર શ્રી બારોટ ચારુતર વિદ્યામંડળની પહેલી ઈજનેરી કૉલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ)ના પ્રથમ બેચના વિદ્યાર્થી રહ્યા અને તેમણે ભાઈકાકાને કૉલેજના અભ્યાસ દરમિયાન ખૂબ નજીકથી નિહાળ્યા તેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ૪૨મા પુષ્પના વ્યાખ્યાન ટાણે મંચસ્થ મહાનુભાવોમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ તથા ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલનો સમાવેશ હતો. કાર્યક્રમનું સૂત્રસંચાલન સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીઓ શ્રી વી. એમ. પટેલ, શ્રી બી. પી. પટેલ, ડૉ. એસ. જી. પટેલ, શ્રી એમ. જે. પટેલ અને પ્રિ. આર. સી. દેસાઈ ઉપરાંત સીવીએમનાં દાતા શ્રીમતી વાસંતીબહેન ચંદુભાઈ પટેલ, ભાઈકાકા પરિવારનાં સભ્યો, સીવીએમના પૂર્વ સહમંત્રીઓ ડૉ. રમેશભાઈ એમ. ત્રિવેદી અને ડૉ.એસ.વી.વૈ"ણવ ઉપરાંત વિવિધ શિક્ષણસંસ્થાઓના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપરાંત નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. પ્રારંભમાં સીવીએમસંચાલિત રમા-મનુભાઈ દેસાઈ કૉલેજ ઑફ મ્યુઝિક ઍન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના રજૂ કરી હતી. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે મહાનુભાવોનો પરિચય અને સ્વાગત કરાવતાં આદ્યસ્થાપકો પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબને ભાવભરી અંજલિ અર્પણ કરી હતી.

અધ્યક્ષીય ઉદ્બોધનમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અત્યારે દુનિયાભરમાં જાણીતા બનેલા આ વિશાળ શિક્ષણસંકુલના સંસ્થાપક ભણી મા-બાપની જેમ તેમને યાદ કરીને ઋણ અદા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સમારંભના અંતમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ. જી. પટેલે આભાર દર્શન કર્યું હતું.

# શામળાજી હાઈવે પર કારની ટક્કરે બાઈક ચાલક સી.આર.પી.એફ. જવાનનું મોત

ભિલોડા-શામળાજી માર્ગ પર ગુણીયાકુવા પાસે ગત રોજ બપોરે બાઈક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં અન્ય યુવાનને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લાના શામળાજી-ભિલોડા માર્ગપર ગુરૂવારની બપોરે ત્રણ વાગ્યાના સુમારે ગુણીયાકુવા ગામ નજીક પલ્સર બાઈક નં. જીજે-૯-સી.ઈ.૩૩૮૯ ને સામેથી આવતી કાર નં. જીજે-૯-એજી-૮૭૫૭ના ચાલકે ટ્કકર મારતા બાઈક ચાલક દિનેશભાઈ મોંદાજીભાઈ ડામોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. મૃત્યુ પામનાર યુવાન છતીશગઢમાં સી.આર.પી.એફ.માં ફરજ બજાવતો હતો અને હાલ ૧૦ દિવસની રજા પર ઘરે આવ્યો હતો અને આજે જ ટ્રેન મારફતે પરત ફરજ પર જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત નડતા તેનું મૃત્યુ થયુ હતુ.

# મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ખાતે આવેલ મહાત્મા ગાંધીનુ સ્મારક બિસ્માર હાલતમાં

### મંત્રી... જી... ભારતીય પ્રવાસી દિન નિમિત્તે એક... નજર... ઈધર ભી...

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા તા.૮ હાલ ગુજરાત રાજયના ગાંધીનગર ખાતે ચાલી યોજવામાં આવે છે તેમજ શ્રંધાજલી આપવામાં આવે છે હાલ આ સ્મારકની દુર્દશા એવી છે કે આ સ્મારક પર



રહેલ ત્રણ દિવસીય વાઈબ્રન્ટ મહોત્સવને લઈને સમગ્ર ગાંધીનગર શહેરને સરકાર ધ્વારા દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ છે અને મહાત્મા મંદિર ખાતે દાંડી કુટીર બનાવીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રંધ્ધાજલી અર્પવામાં આવી રહી છે.

ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ખાતે તા.૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮ના દિવસે મહાદેગ્રામ ખાતે આવેલ મેશ્વો ઝુમર નદીના સંગમ સ્થાને અસ્થીઓને અહી લાવવામાં આવી હતી અને આ જગ્યાએ લોકોએ મહાત્મા ગાંધીજીના સ્મારક તરીકે વિકસાવવામાં આવી હતી. જયારે એક રાજઘાટ દિલ્હીમાં આવેલુ છે અને બીજુ આ મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ખાતે ત્યારે ગામ લોકોનુ કહેવુ છે કે આ બે જગ્યાએ જ સ્મારક આવેલુ છે ત્યારે આ રાજઘાટને પણ દિલ્હીના રાજઘાટની જેમ જ સાચવવુ જોઈએ. પરંતુ આ જગ્જાનો આજ દિન સુધી કોઈ વિકાસ થયો નથી. ગાંધી જયંતીના દિવસે અહીયા પ્રાર્થના સભા જવાના રસ્તાનુ પણ ઠેકાણુ નથી ત્યારે સ્મારક પર લગાવેલ ટાઈલ્સો પણ ઉખડેલી નજરે ચઢે છે.

સરકાર ધ્વારા ગાંધીના નામ પર કેટલીય યોજનાઓ બનાવવામાં આવી છે અને કેટલીય જાહેરાતો કરવામાં આવે છે જયાં જુઓ ત્યાં ગાંધીજીનુ નામ વટાવવામાં આવે છે પરંતુ ગાંધીજીના આ સ્મારકની દુર્દશા જોવાનો કોઈને પણ ટાઈમ નથી. ત્યારે છેલ્લા કેટલાય સમયથી આ ઐતહાસીક સ્મારકની કોઈ સાર



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

સંભાળ લેવાતી નથી. ત્યારે આ ગામના લોકોના મોઢામાંથી એક શબ્દ નીકળે છે કે મંત્રીજી... એક નજર ઈધર ભી... ત્યારે સરકાર ધ્વારા વાઈબ્રન્ટના નામે કરોડો રૂપિયાનો ધુમાડો થઈ રહયો છે ત્યારે આજે ભારતીય પ્રવાસી દિવસે આ સ્મારકની આવી જર્જરીત હાલત જોઈને ગાંધીપ્રેમીઓ રોષની લાગણી પ્રર્વર્તી છે તો સત્વરે આ જગ્યાની સાર સંભાળ થાય અને આ સ્મારકનુ કામ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# મોડાસા તાલુકા કક્ષાનો રમતોત્સવ ખંભીસર ગામમાં યોજાયો

મોડાસા, તા.૮ ગુજરાત રાજય સરકાર



(તસવીર : જય અમીન, મોડાસા)

બાળકોમાં રહેલી સુષુપ્ત રહેલી અવસ્થા અને વિવિધ પ્રવૃત્તિઓ બહાર લાવવા માટે અને દેશ માટે પ્રતિભાઓ શોધવા માટે અલગ અલગ મહોત્સવોનું આયોજન કરવામાં આવે છે. આવી જ એક પ્રવૃત્તિ બાળકોમાં રમત પ્રત્યે રહેલી વિભિન્ન અવસ્થાને બહાર લાવવા માટે રાજય સરકાર ગુજરાતમાં અભ્યાસ કરતા શાળાના બાળકો રમત પ્રત્યે સજાગ બને અને પ્રતિભાશાળી બને તેવા ઉમદા હેતુથી રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં તાલુકા કક્ષાના રમતોત્સવનું આયોજન મંગળવારે કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસા તાલુકાના જુદા જુદા કલસ્ટરમાંથી ૨૩૨ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં કબડ્ડીની રમતમાં ભાઈઓ અને બહેનોની ચાર ચાર ટીમોએ ભાગ લીધો હતો અને ખો-ખો રમવામાં પણ ભાઈઓ અને બહેનોની ચાર ચાર ટીમોએ ભાગ લીધો હતો તેમજ ઘણી બધી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકગણ મિત્રોએ પણ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કબડ્ડીની રમતમાં ખડોદાના ભાઈઓએ અને બહેનોમાં ખુમાપુર બહેનોની ટીમે પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. જયારે ખો-ખોની રમતમાં વાંટારામપુરના ભાઈઓ અને બહેનોમાં રાજલીની ટીમ વિજેતા બની હતી. કબડ્ડીની રમતમાં વિજેતા બનેલી મહિલા ટીમને ખંભીસરના 'દિવાબા સેવા' ટ્રસ્ટ તરફથી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ તાલુકા કક્ષાના રમતોત્સવમાં મુળ અતિથિ તરીકે ભાવનાબેન વણકરના સાંનિધ્યમાં યોજાયો હતો તેમજ અરવલ્લી જિલ્લા પંચાયત મેકાસણ સીટના પ્રતિનિધિ શિવસિંહ ભેમાવત પણ હાજર રહ્યા હતા. આ સમગ્ર રમતોત્સવનું સફળ આયોજન મોડાસા બી.આર.સી. દિનેશભાઈ અને ખંભીસર સીઆરસી બ્રિજેશભાઈએ કર્યું હતું. તાલુકા કક્ષાના રમતોત્સવ નિહાળવા ખંભીસર ગામમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# શાળાના બાળકોને સફાઈ કરતા જોઈ ગામ લોકો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા

વડાપ્રધાનના 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' ના અભિયાનની અસર છેક છેવાડાના માનવીઓ સુધી પહોંચી હોય એવું લાગી રહ્યુ છે. મેઘરજ તાલુકાના ભેમાપુર ગામ એ પછાત અને છેવાડે આવેલું ગામ છે. આ ગામમાં આવેલી ભેમાપુર પ્રાથમિક શાળા નં. ૨ ના બાળકોએ ગામમાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ કરી રહ્યા હતા. ત્યારે ગામના લોકોએ બાળકોને સફાઈ કરતા જોઈ ગામ લોકોને સ્થળ પર બોલાવી ગામ લોકો એકઠા થઈ કાર્યક્રમમાં સ્વયં જોડાતા ગયા નવાઈની વાત તો એ છે કે આ અભિયાનમાં જોડાયેલા લોકો કોઈ નેતા કે રાજકારણી નહોતા પણ એક સામાન્ય મજુરી કરી જીવન જીવતા લોકો હતા અને તેમાંથી મોટા ભાગના લોકો નિરક્ષર હતા. ગામ લોકો સ્વચ્છતા અભ્યાનમાં જોડાતા વિદ્યાર્થી અને શિક્ષકોમાં પણ અનેરો આનંદ



અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામમાં માત્ર પુરુષો નહિ સ્ત્રીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને ઘરે ઘરે સફાઈ કરી હતી. આ ઉપરાંત ગામને સ્વચ્છ રાખવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. ભેમાપુર ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગામની શાળા નં. ૨ ના બાળકોને સફાઈ કરતા જોઈ અમારે પણ અમારા ગામને સ્વચ્છ રાખવ માટે કંઈ કરવું જોઈએ એવું અમે પણ વિચારી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦